# ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોમાં પંખા શોભાના ગાંઠીયા સમાન

## બસોનું સમયપત્રક વર્ષમાં બે વાર બદલાતુ હોવા છતાં ૨૦૧૧નુ સમયપત્રકનું બોર્ડ યથાવત



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા. ૨૨
ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોમાં ઉનાળાની ગરમીમાં પણ બધા પંખા બંધ રહેતા મુસાફરો પરસેવે રેબઝેબ થઈ જતાં એસટી.ના વહીવટ સામે રોષે ભરાયા હતા. બસોના સમયપાત્રકનું બોર્ડ ૨૦૧૧ના વર્ષમાં લટકાવેલ જેમનું તેમ છે જેમાં ઘણી બસો બંધ થઈ ગઈ છે. ડેપોના પંખા નિયમિત શરૂ રાખવામાં આવે તેવી મુસાફરોની લાગણી અને માગણી છે.

ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોમાં શુક્રવારના રોજ બપોરના બાર વાગે બસની પ્રતિક્ષા કરતા મહીલાઓ અને બાળકો સહીતના મુસાફરો પરસેવે રેબજેબ હતા કારણ કે ડેપોના તમામ પંખા બંધ હતા. ખેડબ્રહ્માના ઈલેષભાઈ મહેન્દ્રભાઈ પટેલ, દાંતા તાલુકાના દલપુરના રજુભાઈ હોમીડાભાઈ બુબડીયા, કરૂન્ડાના વણજારા શીવાભાઈ સરવણભાઈ, વિદ્યાનગરના ગાંધી પરાસર ધર્મેન્દ્રભાઈ તથા વડોદરાના મકવાણા મોહીત હરીશભાઈ સહીતના મુસાફરોના જણાવ્યા અનુસાર ડેપોના તમામ પંખા બંધ હોવાથી મુસાફરો ગરમીમાં પરેશાન થઈ રહ્યા છે તેમા નાના બાળકો સાથે બસની પ્રતિક્ષા કરતી મહીલાઓની હાલત કફોડી હતી. એસ.ટી. તંત્ર મુસાફરો પાસેથી કમર તોડ ભાવ વસુલ કરતુ હોવા છતાં મુસાફરોની સગવડ માટે બેદરકારી દાખવી રહ્યું છે. એસ.ટી.ની મુસાફરોની સગવડ માટેની બેદરકારીનો સ્પષ્ટ જણાઈ કે ડેપોના કન્ટ્રોલરૂમનો એક માત્ર પંખો ચાલુ હતો અને કન્ટ્રોલર જગદીશભાઈ વાઘેલા માત્ર પંખાની હવા ખાઈ રહ્યા હતા.

ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોની બસોનુ સમયપત્રક તા. ૧-૭-૨૦૧૧નુ જેમનું તેમ જોવા મળે છે તે પણ ચીથરેહાલ છે. વર્ષમાં શીયાળો અને ઉનાળો એમ બે વખત બસોનુ સમયપત્રક બદલાતુ હોય છે તેમ છતાં ત્રણ વર્ષ જેટલા સમયનું બોર્ડ લટકે છે જેમાં ઘણી બસો બંધ હોવાનુ મુસાફરો જણાવે છે. શુક્રવારના રોજ સવારે ૧૧.૪૦ વાગે ઉપડતી ખેડબ્રહ્મા-અમદાવાદ લોકલબસ એક કલાક મોડી સ્ટેન્ડ ઉપર મુકવામાં આવી હતી. પુરી બસના મુસાફરો એક કલાક સુધી ગરમીમાં પરેશાની ભોગવવાની ફરજ પડી હતી. આ બસના ડ્રાઈવર મનુભાઈ પુંજાભાઈના જણાવ્યા અનુસાર બસને પંકચર પડ્યું હોવાથી બસ સ્ટેન્ડ ઉપર મોડી મુકવામાં આવી છે. આ બસ ખેડબ્રહ્મા ડેપોની જ હોવા છતાં ગરમીમાં બીજી બસ ન ફાળવી મુસાફરોને એક કલાક વગર પંખાએ પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો.

આ અંગે ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોના મેનેજર હેમંત પટેલના જણાવ્યા મુજબ બધા જ પંખા ચાલુ છે પણ ઓફીસમાંથી સ્વીચ બંધ હશે. બસોના સમયપત્રકનું બોર્ડ નવીન બનાવામાં આવ્યું છે. તથા ખેડબ્રહ્મા અમદાવાદ બસ મોડી મુકવાનુ કારણ બીજી બસનો ઉતરનાર ડ્રાઈવર મોડો ઉતરતા આવુ બનવા પામ્યુ છે.

# સરસ્વતી તાલુકાના ખારેડા ગામે બારસો વર્ષ જુના મહાકાળી માતાના સ્થાનકે જાતરનું આયોજન



ડીસા, તા. ૨૨
સરસ્વતી તાલુકાના ખારેડા ગામે મહાકાળી માતાજીની જાતર આયોજન કરાયુ હતું. જેમાં માતાજીના ઉપાસકોએ ગામમાં સુખ અને શાંતિએ માહોલ જળવાય તેમજ લોકો અને પ્રાણીઓ રોગ મુકત રહે તેવા આશિર્વચન આપ્યા હતા.

સરસ્વતી તાલુકાના ખારેડા ગામે પ્રાચિન સુખડીયા તળાવના કિનારે બિરાજમાન ખારેડીયા પરમારોની કુળદેવી મહાકાળી માતાજીના મંદિરે ઠાકોર પરિવાર દ્વારા જાતરનું ભવ્ય આયોજન કરી માતાજીના ઈતિહાસની ગાથા રજુ કરી માતાજીના પરચા અને ભકતો માટે કરેલ કામોને યાદ કરી માતાજી પ્રત્યે શ્રધ્ધા પ્રગટ કરવામાં આવી હતી આ પ્રસંગે પરિવારની કુંવારસીને નિમંત્રણ પાઠવ્યા હતા. તમામ મહેમાનોને ભોજન પ્રસાદનો લાભ અપાયો હતો. કાર્યક્રમને સફળ બનાવવા કાનજીજી તલાજી ઠાકોર, લાડજીજી ઠાકોર, સારજીજી સ્વરૂપજી ઠાકોર રમેશજી ધારસંગજી ઠાકોર, દેવચંદજી કાનજીજી ઠાકોર, વિકામજી ધારસંગજી ઠાકોર, પોપટજી તરસંગજી ઠાકોર સહિત ઠાકોર પરિવારના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. ઉલ્લેખનીય છે કે, ખારેડા ગામે બિરાજમાન મહાકાળી માતાજીની સ્થાપના જગદેવજી પરમારના પુત્ર ખેંગારજી પરમાર પુત્ર ઉદેસીંગ પરમારે આશરે બારસો વર્ષ પહેલા કરી હોવાનો ઉલ્લેખ પરમારોના બારોટના ચોપડે લખેલો છે. જે પરમારો આજે ખારેડીયા પરમાર તરીકે ઓળખાય છે. આમ, પરમારની વંશની જહોજલાલી અને તેના ભવ્ય ભુતકાળને યાદ અપાવતું માતાજીનું સ્થાનક શ્રધ્ધાનું પ્રતિક છે. અહીં જુનુ સ્થાનક હેમખેમ રાખી બાજુમાં નવા મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

# પ્રાંતિજના યુવાને ગિનીશ બુકમાં વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૨
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સ્થિત રેલ-વે સ્ટેશન વિસ્તારમાં રહેતા નિવૃત્ત શિક્ષકના પુત્રએ સંગીત ક્ષેત્રે અનોખી સિદ્ધિ હાંસલ કરી ગિનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો છે અને પ્રાંતિજ તથા સમાજનું ગૌરવ વધાર્યું છે.

પ્રાંતિજના રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતા નિવૃત્ત શિક્ષકના પુત્ર મકુંદકુમાર શંકરભાઈ રાવલ છેલ્લા ઘણા સમયથી અમદાવાદ સ્થિત પંચમ એકેડમી ઓફ ઈન્ડિયન મ્યુઝીકલ સંસ્થામાં આ સંગીતની તાલીમ ડૉ. ધારી પંચમહીના નેતૃત્વમાં લઈ રહ્યો હતો. દરમ્યાન તાજેતરમાં જ રાષ્ટ્રભક્ત મહાવિભૂતિ સ્વામી વિવેકાનંદજીને અંજલી ગાયકી દ્વારા તથા કી બોર્ડ પર ૨૧૬ જેટલી પ્રતિયોગિતાઓ રજૂ કરી હતી અને ગિનીશબુક ઓફ વર્લ્ડ રેકોર્ડ હાંસલ કર્યો હતો. બ્રહ્મસમાજના યુવાનની આ અનોખી સિદ્ધિએ પ્રાંતિજ અને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

# પ્રાંતિજમાં બેલેટ નિદર્શનમાં ચિત્ર સંદર્ભે કોંગ્રેસની ફરિયાદ

પ્રાંતિજ, તા. ૨૨
સાબરકાંઠામાં લોકસભાની ચૂંટણી કામગીરી પૂર વેગે ચાલી રહી છે ત્યારે પ્રાંતિજમાં બેલેટ નિદર્શન માટે બોલાવાયેલ લોકો પૈકી કોંગ્રેસના સભ્યો દ્વારા ક્રમ નં.૨ કમળના ચિત્ર બાબતે નારાજગી વ્યકત કરી ચૂંટણી જિલ્લા અધિકારીને રજૂઆત કરી છે.

પ્રાંતિજમાં ગત તા. ૨૧મીના રોજ ૧૧.૩૦ કલાકે સાબરકાંઠા લોકસભાની બેઠક માટે બેલેટ પેપરની કામગીરી ચાલુ હતી જેમાં બેલેટ પેપર નં.૨ કમળ નિશાનના ચિત્રના રંગ બાબતે શંકા જતા કોંગ્રેસના અગ્રણીઓ સી.કે. પટેલ, કેશવભાઈ રાઠોડ વગેરે ભારે નારાજગી વ્યકત કરી હતી અને જિલ્લાના મુખ્ય ચૂંટણી અધિકારીને લેખિતમાં રજૂઆત કરાતા અને કમળના ચિત્ર નિશાન જેમ જ પંજાનું નિશાન એટલા જ અને એવા કલરવાળા કલરમાં છાપી તૈયાર કરી બેલેટ પપેરનો ઉપયોગ કરવા માગં કરી છે. ઉપરાંત ૨૪ કલાક દરમિયાન થયેલ કાર્યવાહી અને ચૂંટણી પંચના નિર્ણયની કાર્યવાહી જણાવવા પણ માંગ કરેલ છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

# પ્રાંતિજમાં મંજૂરી વગરના લીલા વૃક્ષોનું છેદન કરતા કોન્ટ્રાક્ટર સામે તંત્રની લાલ આંખ

## કોન્ટ્રાક્ટરે નિયમોનો છેદ ઉડાડી નડતરરૂપ સિવાયના વૃક્ષો કાપી નાખ્યા હતા

પ્રાંતિજ, ૨૨
પ્રાંતિજ તાલુકાના મજરા ત્રણ રસ્તાથી દલાની મુવાડી સુધીના જાહેર માર્ગની આસપાસ સામાજીક વનીકરણ હેઠળ વૃક્ષો ઉછેરવામાં આવ્યા છે. જેને વનવિભાગની મંજુરી વગર જ કોન્ટ્રાક્ટર દ્વારા કાપી નાખવામાં આવી રહ્યા છે. તેમ છતાં વન વિભાગ આ સંપૂર્ણ રીતે અભણ હોવાનું ગાણું ગાઈ રહ્યું છે. પરિણામે સ્થાનિકોએ આ સંદર્ભે વન વિભાગ સામે રોષ વ્યક્ત કર્યો છે.



પ્રાપ્ત માહિતી અનુસાર સામાજીક વનીકરણ યોજના હેઠળ પ્રાંતિજના મજરા ત્રણ રસ્તાથી દલાની મુવાડી સુધીના માર્ગની બન્ને બાજુએ વન વિભાગ દ્વારા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. અને જે વૃક્ષો માર્ગમાં નડતરરૂપ હોય તેને કાપવા માટે વન વિભાગ દ્વારા જે તે કોન્ટ્રાક્ટરને મંજૂરી આપી માર્ગના સેન્ટરથી જમણી બાજુ ૯.૭૫ અને ડાબી બાજુ ૯.૭૫ મીટર વૃક્ષો કાપવા જણાવ્યું હતું. પરંતુ કોન્ટ્રાક્ટરે બધા નિયમોનો છેદ ઉડાડી દી નડતરરૂપ સિવાયના વૃક્ષો કાપી નાખવામાં આવ્યા હતા. સ્થાનિકોમાં નિરાશા જોવા મળી હતી. જ્યારે આ મામલે વનવિભાગના અધિકારીઓને માલુમ થતાં મંજૂરી સિવાયના વૃક્ષો નહી કાપવા અને શરતો પ્રમાણે વર્તવા કોન્ટ્રાક્ટરને ખાલી ટકોર કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે વન વિભાગે કાર્યવાહી કરી વધારાના વૃક્ષો કાપવાનું અટકાવી દીધુ છે. પણ જે વૃક્ષો કપાઈ ગયા છે તેનું શું ? અને વન વિભાગ શુ કાર્યવાહી કરશે ?

વન વિભાગની કૃપાથી નેશનલ હાઈ-વે તેમજ સામાજીક વનીકરણ યોજનાના વૃક્ષો પણ કપાઈ છે અને તાજપુર મજરા પ્રાંતિજ સહિતની શૉ મીલોમાં ઠલવાતા હોવાનું પણ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# હિંમતનગરમાં સગીરા પર થયેલ પાશવી દુષ્કર્મના વિરોધમાં આવેદન પત્ર અપાયું


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

હિંમતનગર, તા. ૨૨
સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર નજીક કાંકરોલ ગામની એક ૧૫ વર્ષીય સગીરા પર ગામના બે પરણિત હવસખોર યુવાનોએ ચાર દિવસ પહેલા રાત્રીના સમયે પાશવી દુષ્કર્મ કર્યુ હતુ જે ઘટનામાં સગીરાએ હિંમતનગર એ-ડીવીઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે બંને હવશખોરોને પકડી પાડી જેલહવાલે કરેલ છે. આ ઘટનાને લઈને મંગળવારે સાબરકાંઠા જિલ્લા બ્રહ્મસમાજ, બ્રહ્મસેના અને પરશુરામ યુવક મંડળ તમામ ભેગા થઈને જિલ્લા નાયબ પોલીસ વડા જ્યોતિ પંકજ પટેલ અને જિલ્લા કલેક્ટર બંછાનિધિ પાનીને આવેદન પત્ર આપ્યુ હતું જેમાં સમાજ દ્વારા આ કૃત્યને વખોડી કાઢ્યું હતું અને આરોપીઓને સમાજમાં દાખલો બેસે તેવી સખત સજા થાય અને સગીરાને ન્યાય મળે તે માટેની સતત તકેદારી લેવાની જાણ કરવાનું જણાવેલ અને આ કેસ ફાસ્ટ્રેક કોર્ટમાં ચલાવવા માંગ છે. આ બંને હવસખોરો માથાભારે તત્વો એ અને ધનિક છે અને વગદાર હોવાને કારણે સગીરાના પરિવારને ધાક ધમકીઓ આપી ગુનો છાવરવા પ્રયત્ન કરી શકે છે જેથી પરિવારને રક્ષણ આપવાની માંગણી આવેદન પત્રમાં કરવામાં આવી છે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

લોકશાહીના પર્વ સમાન ચુંટણીમાં વધુમાં વધુ લોકો મતદાન કરે તે માટે ચુંટણીપંચ દ્વારા મતદાન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસા દ્વારા પણ લોકોમાં મતદાન અંગે જાગૃતિ આવે તે માટે ૫૦૦૦ થી વધુ પેમ્ફલેટનું વિતરણ તેમજ જનજાગૃતિ રેલીને ડીસાના નાયબ લકેટરે પ્રસ્થાન કરાવી હતી. લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૧૪ માં વધુમાં વધુ મતદારો મતદાન કરે અને મતદાનથી વંચિત ન રહી જાય તે માટે ચુંટણીપંચ દ્વારા જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે. જેના ભાગરૂપે બનાસકાંઠા જીલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ એન.એસ. નિનામાની સુચના મુજબ હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના ઓફીસર કમાન્ડીંગ એ.એફ. આલની આગેવાનીમાં સોમવારે મતદાન માટે જનજનગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડીસાના નાયબ કલેકટર ડૉ.દિગંત બ્રહ્મભટ્ટ, ડીસા શહેર દક્ષિણ પીઆઈ કે.ડી. નકુમ, ઓફીસર કમાન્ડીંગ એ.એફ.આલે જનજાગૃતિ રેલીને પ્રસ્થાન કરાવી હતી. રેલી હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસા ખાતેથી નિકળી દેનાબેંક ચોક, ફુવારા સર્કલ, સરદાર બાગ, મામલતદાર કચેરી પહોંચી હતી. જ્યાં પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# પ્રાંતિજના સેજીપુર ગામે નાગણેશ્વરી માતાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૨
પ્રાંતિજ તાલુકાના સેજીપુર ગામે ક્ષત્રિય સમાજના કુળદેવી નાગણેશ્વરી માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો હતો.

ત્રિ-દિવસીય પ્રતિષ્ઠા મહોત્સવમાં માતાજીની ભવ્ય શોભાયાત્રા ફેરવવામાં આવી હતી. તેમજ માતાજીની પૂજા, અર્ચના કરવામાં આવી હતી. મહોત્સવમાં છેલ્લા દિવસે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ક્ષત્રિય સંત દોલતરામ બાપુ, નંદુરામ મહારાજ સહિત અનેક સંતો મહંતો ઉપસ્થિત રહ્યા હતા. ધાર્મિક કાર્યક્રમમાં આજુબાજુના ધર્મપ્રેમી જનતાએ મોટી સંખ્યામાં માતાજીના દર્શનનો લાભ લીધો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧